ફીસ તાજેતરમાં $ 330 થી $ 595 પ્રતિ આવેદને થઈ છે. વધુમાં, ફિન્ગરપ્રિન્ટીગ ફીસ $ 70 થી વધીને $ 80 થઈ છે. ફીસ કદાચ ફરીથી બદલાઈ શકે, માટે કૃપા કરી તમે સાચી રકમ ચૂકવી શકો તે માટે ખાતરી કરવા USCIS અથવા ઇમીગ્રેશન એટર્નીનો સંપર્ક સાધો.

**મે નેચરાલાઇઝેશન માટે આવેદન કર્યું છે પરંતુ મારૂં આવેદન એકાદ વર્ષ ઉપરાંતથી બાકી રાખવામાં આવ્યું છે. આવું શા માટે થઈ રહ્યું છે અને એવું કાંઈ છે જે હું આને માટે કરી શકું?**

ઘણાં બધાં દક્ષિણ એશિયનો (સાઉથ એશિયનો)નેચરાલાઇઝેશન માટે આવેદન કરી રહ્યાં છે ને વિવિધ કારણોસર ગંભીરપણે વિલંબનો અનુભવ થઈ રહ્યો છે. એક કારણ તાજેતરમાં સંખ્યાબંધ નેચરાલાઇઝેશન માટેના આવેદનો USCIS ને દાખલ કરવામાં આવી રહ્યાં છે જેણે એજન્સીની આવેદનની કાર્યવાહી ઝડપી કરવાની ક્ષમતાને ધીમી પાડી દીધી છે. વધુમાં, દક્ષિણ એશિયનો(સાઉથ એશિયનો), આરબો, અને મુસલમાનો દ્વારા દાખલ કરવામાં આવેલા ઘણાં બધાં આવેદનો આપરાધિક અને સુરક્ષા પાર્શ્ચાદભૂ તપાસને કારણે વિલંબિત થઈ રહ્યા છે.

જો તમારે સુરક્ષા સંબંધી પાર્શ્ચાદભૂ તપાસને કારણે તમારા નેચરાલાઇઝેશનમાં નોંધપાત્ર વિલંબનો સામનો કરવો પડી રહ્યો હોય તો, તમે તમારા અવેદનને ઝડપી બનાવવા કેટલાક ચોકકસ પગલાં છે જે તમને તેને માટે સક્ષમ બનાવે. આ માહિતી માટે કૃપા કરી ઇમિગ્રેશન વકીલનો સંપર્ક સાધો.અમે તમને SAALT કાર્યાલયનો સંપર્ક **(301)270-1855** અથવા **saalt@saalt.org** પર સાધવા પ્રોત્સાહન આપીએ છીએ કેમકે અમે દક્ષિણ એશિયન (સાઉથ એશિયન) નેચરાલાઇઝેશન આવેદનો માટે પાર્શ્ચાદભૂ તપાસ સંબંધી બનાવોનું દસ્તાવેજીકરણ કરી રહ્યા છીએ.

**નેચરાલાઇઝેશન અંગે હું વધુ કયાં જાણી શકું?**

ઘણાં બધાં સંસાધનો છે જે તમે નેચરાલાઇઝેશન અંગે વધુ માહિતી મેળવવા પલટાવી શકો છો, સહિતની :

- *USCISની નાગરીકતા માટેની કચેરી તરફથી "ગાઇડ ટુ નેચરાલાઇઝેશન"* (www.uscis.gov/natzguide)
- *USCISની "વેલકમ ટુ ધ યુનાઇટેડ સ્ટેટ્સ : એ ગાઇડ ફોર ન્યુ ઇમિગ્રન્ટ્સ". અંગ્રેજીમાં ઉપલબ્ધ* (www.uscis.gov/files/nativedocuments/M-618.pdf) અને ઉર્દૂ (www.uscis.gov/files/nativedocuments/M-618_u.pdf).
- *વર્તમાન અને પુનઃ આકારાએલ નેચરાલાઇઝેશન પરીક્ષા માટે માહિતી અને અભ્યાસ સામગ્રીઓ* (www.uscis.gov/naturalization)
- *www.WelcometoUSA.gov*: નવા ઇમિગ્રાન્ટસને માટે કયા લાભો માટે ઇમિગ્રાન્ટસ પાત્ર છે, અંગ્રેજી શીખવા માટેના સ્થળો , અને USCISનો સંપર્ક કેવી રીતે સાધવો એની માહિતી સહિતના સંસાધનો સાથેનું સરકારી પોર્ટલ
- તમારા આવેદનના તબકકાને તપાસવા, www.uscis.gov ની મુલાકાત લો અથવા USCIS ને (800) 375-5283 પર કોલ કરો
- ઇમિગ્રેશન માટે એટર્ની રાહતો માટે, કૃપા કરી અમેરિકન ઇમિગ્રેશન લોયર્સ એસોસીએશનને (AILA) હોટલાઈનને (800) 954-0254 ઉપર કોલ કરો.



આ બ્રાઉચર **મૂર્થી લો ફર્મના** ઉદારતાપૂર્ણ ટેકા મારફત ઇમિગ્રેશન મુદ્દાઓ જે **સાઉથ એશિયન અમેરિકન્સ લીડીંગ ટુગેધર(સાલ્ટ) (SAALT)** દ્વારા વિકસિત કરવામાં આવેલા દસ્તાવેજોની શૈક્ષણિક શ્રેણીમાંનું એક છે. (સાલ્ટ) (SAALT) એ રાષ્ટ્રીય બિન–ભાગલાવાદી, બિન–નફાકારી અમેરિકામાં દક્ષિણ એશિયનો(સાઉથ એશિયનો)ની સંપૂર્ણ અને સમાન નાગરીક અને રાજકીય ભાગ ભજવણીને સમર્પિત સંગઠન છે. (સાલ્ટ) (SAALT) અંગે વધુ જાણવા www.saalt.org ની મુલાકાત લો અથવા (301) 270-1855ને કોલ કરો. મૂર્થી લો ફર્મ ઇમિગ્રેશન અને નેચરાલાઇઝેશન લોની પ્રેકટીશને સમર્પિત અગ્રણી ફર્મ છે. મૂર્થી લો ફર્મ અંગે વધુ જાણવા www.murthy.com ની મુલાકાત લો અથવા (410)356-5440ને કોલ કરો. ***કૃપા કરી નોંધ લો કે આ માર્ગદર્શિકાનો હેતુ કાનૂની સલાહનો નથી.***

saalt
SOUTH ASIAN AMERICANS LEADING TOGETHER

6930 Carroll Avenue, Suite 506
Takoma Park, MD 20912

ફોનઃ 301.270.1855
ફેકસઃ 301.270.1882
saalt@saalt.org
www.saalt.org

# અમેરિકાના નાગરીક બનવા તમારે શું જાણવાની જરૂર છે

## અમેરિકામાં દક્ષિણ એશિયનો (સાઉથ એશિયનો) માટે માર્ગદર્શિકા

**એપ્રિલ 2008**



saalt
SOUTH ASIAN AMERICANS LEADING TOGETHER

નવા દેશમાં નાગરીકતા મેળવવાનું ઘણાં ઇમિગ્રન્ટસ (સ્થળાંતર કરનારાઓ) માટે રાઈટ ઓફ પસેજ છે. અમેરિકામાં નાગરીક તરીકે, તમને ચૂંટણીમાં સંપૂર્ણપણે ભાગ લેવાનો, ચોકકસ કુટુંબીજનોને દેશમાં લાવવાનો, અને ચૂંટાએલી કચેરી ચલાવવા માટેના અધિકાર સુધ્ધાં છે. જયાં અમેરિકાના નાગરીક બનવાના ફાયદા છે, ત્યાં જ ઘણાં દક્ષિણ એશિયનો (સાઉથ એશિયનો) માટે અવરોધો અસ્તિત્વ ધરાવે છે. નાગરીકતા સાથેના કાયદા અને લાભોમાં પરિવર્તનોની માહિતીનો અભાવ અવારનવાર ઘણાંને નાગરીકતા મેળવવામાં અવરોધે છે. આ માર્ગદર્શિકા અમેરિકાના નાગરીક કેવી રીતે બનવું, નેચરાલાઇઝેશનની કાર્યવાહીઓ, અને વિશેષ મુદ્દા જે દક્ષિણ એશિયનો (સાઉથ એશિયનો) કાર્યવાહીમાં સામનો કરતા હોય તે અંગેના મૂળભૂત પ્રશ્નોના જવાબ આપે છે.

**મારે અમેરિકાના નાગરીક શા માટે બનવું જોઈએ?**

અમેરિકી નાગરીકતા સાથે ઘણાં સ્થળાંતરિઓ માટે જીવન–પરિવર્તિત કરતી ઘટના બનાવનાર, ઘણાં અધિકારો અને વિશેષાધિકારો તેમજ ફરજો જોડાયેલા છે.

**નાગરીક બનવાના લાભો આવરે છે....**

- ચૂંટણીઓમાં મતદાન
- કુટુંબીજનને અમેરિકા (U.S.) લાવવામાં પ્રાથમિકતા
- બાળકો માટે નાગરીકતા
- દેશનિકાલથી મુક્તિ
- અમેરિકી પાસપોર્ટ સાથે મુસાફરી
- સરકારી નોકરીઓ માટે પાત્ર બનવાનું
- ચૂંટાએલ અધિકારી બનવાનું
- હોમલેન્ડ સિકયોરીટી ડિપાર્ટમેન્ટ ને સરનામુ બદલાવા અથવા હેવાલ કરવાની જરૂર નહિ
- જાહેર લાભો માટે વધુ પાત્રતા

**નાગરીકતાની ફરજો આવરે છે....**

- અમેરિકા પ્રત્યે એકનિષ્ઠાના સોગંદ લેવાનું
- જૂરીમાં સેવા આપવાનું

**હું નેચરાલાઇઝ કેવી રીતે થઈ શકું?**

તમે ચોકકસ આવશ્યકતઓ પૂરી કરતા હોવ તો, અમેરિકી નાગરીકતા અને સ્થળાંતર સેવા (USCIS), સરકારી એજન્સી જે ઈમિગ્રેશન અને નેચરાલાઇઝેશન આવેદનોની કાર્યવાહીઓ કરે છે ને "એપ્લિકેશન ફોર નેચરાલાઇઝેશન"(ફોર્મ એન–400) દાખલ કરવા દ્વારા " નેચરાલાઇઝ થઈ શકો. જો તમે નીચેની બધી આવશ્યકતાઓ પૂરી કરતા હોવ તો તમે નેચરાલાઇઝ થવા <u>કદાચ</u> શકય બનોઃ

- **વય**
  √ હું ઓછામાં ઓછો 18 વર્ષની વયનો છું.

- **ગ્રીન કાર્ડ દરજ્જો**
  √ હું ઓછામાં ઓછા 5 વર્ષથી કાયદેસર કાયમી નિવાસી છું ("LPR" અથવા "ગ્રીન કાર્ડ હોલ્ડર"). અથવા હું અમેરિકી નાગરીકને પરણેલ છું અને ઓછામાં ઓછા 3 વર્ષથી સાથે રહું છું અને ઓછામાં ઓછા 3 વર્ષથી ગ્રીન કાર્ડ હોલ્ડર(ધરાવનાર) છું.

- **ફિઝીકલ પ્રેઝન્સ (વ્યક્તિગત ઉપસ્થિતિ):**
  √ મેં મારા ગ્રીન કાર્ડ હોલ્ડર તરીકેના છેલ્લા 5 વર્ષ દરમ્યાન એક જ વેળામાં અમેરિકાની બહાર 6 મહિનાથી વધુ મુસાફરી નથી કરી (અથવા જો હું અમેરિકી નાગરીકને પરણેલ છું, 3 વર્ષથી સાથે રહું છું )
  √ ગ્રીન કાર્ડ હોલ્ડર(ધરાવનાર) તરીકેના છેલ્લા 5 વર્ષો માં હું અમેરિકામાં ઓછામાં ઓછા 30 મહિના વ્યક્તિગતરીતે ઉપસ્થિત છું (અથવા જો હું અમેરિકી નાગરીકને 3 રણેલ છું અને સાથે રહું છું તો, 18 મહિના માટે )
  √ હું પ્રાંત અથવા USCIS જિલ્લો જેમાં આવેદન દાખલ કરવામાં આવ્યું છે ત્યાં આવેદન કરવા અગાઉના ઓછામાં ઓછા 3 મહિના રહ્યો છું.

**હું અમેરિકાનો નાગરીક કેવી રીતે બની શકું?**

વ્યક્તિ અમેરિકામાં નાગરીક બની શકે તેની ત્રણ મુખ્ય રીત છે.

- **બાય બર્થ (જન્મ દ્વારા) નાગરીકતા** – જો તમે અમેરિકામાં અથવા તેના શાષિત પ્રદેશોમાં જન્મ્યા હોવ તો, તમે સામાન્યરીતે આપોઆપ અમેરિકાની નાગરીકતા મેળવો છો.
- **એકવાયર્ડ (ઉપલબ્ધ થયેલ) નાગરીકતા** – જો તમે વિદેશમાં જન્મ્યાં હોવ અને તમારા માતાપિતામાંથી કોઈ એક અથવા બન્ને તમારા જન્મના સમયે અમેરિકાના નાગરીક હતા તો, સામાન્યરીતે તમે આપોઆપ અમેરિકી નાગરીકતા મેળવો છો.
- **નેચરાલાઇઝેશન** – જો તમે વિદેશમાં બિન–નાગરીક માતાપિતાથી જન્મ્યાં હોવ, તો તમારે અમેરિકાના નાગરીક બનવા ચોકકસ આવશ્યકતાઓ પૂરી કરવાની અને ચોકકસ પગલાં લેવાની જરૂર રહે છે.



PHOTO: INDO-AMERICAN CENTER

- **ગુડ મોરલ કેરેકટર (સારી ચાલચલગત)**
  √ હું દર્શાવી શકું છું કે હું મારા ગ્રીન કાર્ડ હોલ્ડર તરીકેના છેલ્લા 5 વર્ષ દરમ્યાન કાયદેસરના અને સ્વીકાર્ય વર્તાવથી રહ્યો છું(અથવા જો હું અમેરિકી નાગરીકને 3 વર્ષ પરણેલ છું અને સાથે રહું છું તો ).

  *સારી ચાલચલગતથી ન રહેવાના ઉદાહરણોમાં વેરાની ચૂકવણી કર્યા સિવાય કામ કરવા, દારૂના વ્યસનથી પીડાવું, લગ્ન બંધન સિવાય બાળકો ધરાવવા, બાળકને આધાર પૂરો ન પાડવો, ઈમીગ્રેશન ઓથોરીટી સાથે જુઠ્ઠું બોલવું, કોઈ કારણસર ધરપકડ થવી, કોઈ અપરાધ માટે સજા થવી છે.*
- **એપ્લિકેશન ફીસ (આવેદન શુલ્ક)**
  √ મેં આધારભૂત દસ્તાવેજો સાથે જરૂરી આવેદન અને ફીંગરપ્રિન્ટસ ફીસ દાખલ કરી અને ચૂકવી છે.
- **એકઝામ અને ઇન્ટરવ્યૂહ(પરીક્ષા અને સાક્ષાત્કાર)**
  √ મેં નેચરાલાઇઝેશન મારફત અમેરિકી બંધારણના સિદ્ધાંતો અને આદર્શો પરીક્ષા અને સાક્ષાત્કારમાં પ્રદર્શન કર્યું છે. મેં નેચરાલાઇઝેશન પરીક્ષાના નાગરીક શાસ્ત્ર (સિવિકસ) અને અંગ્રેજી બન્ને ભાગો સફળતાપૂર્વક પૂરા કર્યા છે.
- **ઓથ ઓફ અલીજન્સ (એકનિષ્ઠાના સોગંદ)**
  √ મેં નાગરીકતા વિધિમાં અમેરિકા પ્રત્યે એકનિષ્ઠ રહેવાના સોગંદ લીધાં છે.

**નોંધ:** 18 વર્ષથી નીચેની વયના બાળકો આમાંના ઘણાં બધા પગલાંમાંથી પસાર થયા સિવાય તેમના નેચરાલાઇઝ થયેલા માતાપિતા મારફત નાગરીકતા પ્રાપ્ત કરવા શકય બનશે.

**મેં સાંભળ્યું છે કે નવી નેચરાલાઇઝેશન પરીક્ષા હશે. પરીક્ષામાં શું ફેરફારો છે?**

ઓકટોબર 2008થી ફરીથી આકારાએલ પરીક્ષાનો ઉપયોગ કરવામાં આવશે. નવી પરીક્ષા લઈ રહેલ આવેદકો સાક્ષાત્કાર હેઠળ જશે જે દરમ્યાન તેઓએ સફળતાપૂર્વક જોઈએ :

√ નાગરીક શાસ્ત્રના દસમાંથી છ પ્રશ્નોના જવાબ આપવાનું (અમેરિકી ઇતિહાસના વિવિધ ક્ષેત્રોને આવરતા); અને
√ અંગ્રેજી ભાષા પર મૌખિક, વાંચન, અને લેખનને સફળતાપૂર્વક પૂર્ણ કરવાનું.

ફરીથી આકારાએલ પરીક્ષામાંથી નીચે નાગરીક શાસ્ત્ર પરના કેટલાક નમૂનારૂપ પ્રશ્નો છેઃ

- *ડિકલેરેશન ઓફ ઇન્ડિપેન્ડન્સ શું કરે છે?*
- *અમેરિકામાં આર્થિક પધ્ધતિ શું ?*
- *તમે ફેડરલ ઇન્કમ ટેકસ ફોર્મ્સ મોકલી શકો તેનો છેલ્લો દિવસ કયો છે?*
- *ફેડરાલીસ્ટ પેપર્સના લેખકોમાંના એકનું નામ આપો.*

**હું એ કેવી રીતે જાણી શકું કે મારે વર્તમાન અથવા નવી નેચરાલાઇઝેશન પરીક્ષા હશે?**

તમે વર્તમાન અથવા નવી પરીક્ષા લો તે તમો એ નેચરાલાઇઝેશન માટે કયારે આવેદન કર્યુ છે અને તમારું નેચરાલાઇઝેશન સાક્ષાત્કાર કયારે મુકરર છે તેના પર આધાર રાખે છે :

- હું ઓકટોબર 1, 2008 અગાઉ આવેદન કર્યુ છે અથવા આવેદન કરીશ અને મારો નેચરાલાઇઝેશન સાક્ષાત્કાર ઓકટોબર 1, 2008 અગાઉ મુકરર છે → **તમારે વર્તમાન પરીક્ષા લેવી પડશે.**
- હુ ઓકટોબર 1, 2008 અગાઉ આવેદન કર્યુ છે અથવા આવેદન કરીશ અને મારો નેચરાલાઇઝેશન સાક્ષાત્કાર ઓકટોબર 1, 2008 પછી થી મુકરર છે → **તમે વર્તમાન અને નવી પરીક્ષા વચ્ચે પસંદગી કરી શકો છો.**
- હું ઓકટોબર 1, 2008 ના અથવા અગાઉ આવેદન કરીશ → **તમારે નવી પરીક્ષા લેવાની રહેશે.**

**શું મારે નેચરાલાઇઝેશન પરીક્ષા અંગ્રેજીમાં આપવાની રહેશે?**

સામાન્યરીતે, હા. મોટાભાગના અ ાવેદકોને પરીક્ષાના નાગરીક શાસ્ત્ર અને ભાષા વિભાગો અંગ્રેજીમાં પાસ કરવાના રહે છે. જોકે, જો તમે ચોકકસ વય ઉપરાંતના હોવ તો તેમને વધુ ઉદાર જરૂરિયાતો હોય છે.

| વય | ગ્રીન કાર્ડ હોલ્ડર તરીકેના વર્ષોની સંખ્યા | | નાગરીક શાસ્ત્ર કસોટી | અંગ્રેજી પરીક્ષા કસોટી |
|---|---|---|---|---|
| 50 વર્ષ ઉપરાંત વય | ઓછામાં ઓછા 20 વર્ષ | → | કદાચ ભાષાની પસંદગીમાં લેવાય | જરૂર નથી |
| 55 વર્ષ ઉપરાંત વય | ઓછામાં ઓછા 15 વર્ષ | → | જરૂર નથી | જરૂર નથી |
| 65 વર્ષ ઉપરાંત વય | ઓછામાં ઓછા 20 વર્ષ | → | પસંદગીની ભાષામાં કસોટીની સાદી આવૃત્તિ લેવાય | જરૂર નથી |